# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસ સિક્કિમ, પશ્ચિમ બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશના પ્રવાસ દરમિયાન વિવિધ વિકાસ પરિયોજનાઓની ભેટ આપશે.

2) ઉભરતી જતી ટેકનોલોજીમાં સહયોગને વધુ સુદ્રઢ કરવા માટે ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસ્રીની અમેરિકાના રાજ્ય સચિવ સાથે ચર્ચા.

3) આતંકવાદ સામે ભારતના શૂન્ય સહિષ્ણુતાનો સંદેશ પહોંચાડવા ગયેલા પ્રતિનિધિમંડળે પનામા અને દક્ષિણ આફ્રિકાના અગ્રણીઓ સાથે વાતચિત કરી.

4) ગુજરાત સહિતના રાજ્યોની પેટાચૂંટણીમાં કોવિડ ગ્રસ્ત મતદારોને પોસ્ટલ વોટિંગની ચૂંટણી પંચે મંજૂરી આપી.

5) પહેલગામમાં થયેલ આતંકવાદી હુમલાના 26 પીડિતોની સ્મૃતિમાં સ્મારક બનાવવાની જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાની જાહેરાત.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM SIKKIM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 29 અને 30 મેના રોજ સિક્કિમ,પશ્ચિમ બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશની મુલાકાત લેશે. 29 મેના રોજ, પ્રધાનમંત્રી Sikkim@50: જ્યાં પ્રગતિ હેતુને પૂર્ણ કરે છે અને પ્રકૃતિ વિકાસને પોષણ આપે છે કાર્યક્રમમાં ભાગ લેશે. તેઓ સિક્કિમમાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન પણ કરશે અને આ પ્રસંગે સભાને સંબોધિત કરશે.

ત્યારબાદ, પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળની મુલાકાત લેશે જ્યાં તેઓ બપોરે અલીપુરદુઆર અને કૂચબિહાર જિલ્લામાં સિટી ગેસ વિતરણ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. વધુમાં, પ્રધાનમંત્રી બિહારની મુલાકાત લેશે અને પટના એરપોર્ટના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે.

30 મેના રોજ, તેઓ બિહારના કરકટમાં 48 હજાર 520 કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન, શિલાન્યાસ અને રાષ્ટ્રને સમર્પિત કરશે. તેઓ એક જાહેર સમારોહને પણ સંબોધિત કરશે.

ત્યારબાદ, પ્રધાનમંત્રી ઉત્તર પ્રદેશની મુલાકાત લેશે જ્યાં તેઓ કાનપુર નગર ખાતે લગભગ 20 હજાર 900 કરોડ રૂપિયાના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે. તેઓ એક જાહેર સમારોહને પણ સંબોધિત કરશે.

. . . . . . . . . . . . . . .

# PRIME MINISTER - VEER SAVARKAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વીર સાવરકરને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સોશિયલ મીડિયા X પર એક વીડિયો શેર કરતા શ્રી મોદીએ કહ્યું કે, વિદેશી સરકારનો કઠોર ત્રાસ પણ માતૃભૂમિ પ્રત્યેના વીર સાવરકરજીના સમર્પણને ડગાવી શક્યો નહીં.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, કૃતજ્ઞ રાષ્ટ્ર, સ્વતંત્રતા ચળવળમાં વીર સાવરકરની અદમ્ય હિંમત અને સંઘર્ષની ગાથાને ક્યારેય ભૂલી શકશે નહીં. દેશ માટે તેમનું બલિદાન અને સમર્પણ વિકસિત ભારતની રચનામાં માર્ગદર્શક પ્રકાશ બની રહેશે.

## (BYTE: MODI-ON-SAVERKAR)

. . . . . . . . . . . . . . .

# VIKRAM MISRI - US

વિદેશ સચિવ વિક્રમ મિસ્રીએ તેમની અમેરિકાની મુલાકાત દરમિયાન આજે ટેકનોલોજીમાં સહયોગ વધારવા માટે અમેરિકાના રાજ્ય સચિવ જેફરી કેસલર સાથે મુલાકાત કરી હતી. બંનેએ ટેકનોલોજી અને વેપાર સહયોગને વધુ ગાઢ બનાવવા માટે ભારત-યુએસ વ્યૂહાત્મક વેપાર સંવાદના આયોજન અંગે ચર્ચા કરી હતી.

. . . . . . . . . . . . . . .

# MORNING ALL PARTY DELEGATION

આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાનો નવી દિલ્હીનો સંદેશ વિશ્વભરમાં ગુંજતો કરવા માટે ભારતના સાંસદોનું સર્વપક્ષિય પ્રતિનિધિ મંડળ વિવિધ દેશોની મુલાકાત લઇ રહ્યું છે..

ગઇકાલે પનામામાં, કોંગ્રેસના સાંસદ શશી થરૂરના નેતૃત્વમાં સર્વપક્ષીય ભારતીય પ્રતિનિધિમંડળે પનામા વિધાનસભાના પ્રમુખ, ડાના કાસ્ટાનેડા સાથે મુલાકાત કરી. તેમની મુલાકાત દરમિયાન, શ્રી થરૂરે કહ્યું કે ભારતને યુદ્ધ કરવામાં કોઈ રસ નથી, પરંતુ તેમને લાગ્યું કે આતંકવાદી કૃત્ય સજા વગર ન રહેવું જોઈએ. તેમણે પનામાને આતંકવાદ સામેની લડાઈમાં ભારતને મદદ કરવા અને ગુનેગારોને ઓળખવા અને તેમની સામે કાર્યવાહી કરવા દબાણ કરવા અપીલ કરી..

જ્યારે દક્ષિણ આફ્રિકામાં, NCP (SCP) સુપ્રિયા સુલેના નેતૃત્વ હેઠળના સર્વપક્ષીય પ્રતિનિધિમંડળે સરહદ પાર આતંકવાદ પ્રત્યે ભારતની શૂન્ય-સહિષ્ણુતા નીતિની હિમાયત કરી. પ્રતિનિધિમંડળે શેર કર્યું કે ભારત દ્વારા પ્રતિક્રિયામાં હાથ ધરવામાં આવેલ ઓપરેશન સિંદૂર અંગેની વિગતવાર માહીતા આપી હતી.. આ પ્રતિનિધિમંડળ આજે દક્ષિણ આફ્રિકાની સંસદમાં અને દક્ષિણ આફ્રિકા સરકારના મંત્રીઓ સાથે બેઠકો માટે કેપટાઉનની મુલાકાત લેશે.

. . . . . . . . . . . . . . .

# PUNJAB ECI-COVID

પંજાબ, ગુજરાત, કેરળ અને પશ્ચિમ બંગાળમાં આગામી વિધાનસભાની પેટાચૂંટણીઓમાં કોવિડ-19ના શંકાસ્પદ અથવા અસરગ્રસ્ત વ્યક્તિઓ પોસ્ટલ બેલેટ દ્વારા પોતાનો મત આપી શકશે. ચુંટણી પંચે આ માહિતી આપતા વધુમાં જણાવ્યું કે, અસરગ્રસ્તોએ આ માટે સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરાવવું પડશે અને સંબંધિત રિટર્નિંગ ઓફિસર દ્વારા તેમની વિનંતીની ચકાસણી કરવી પડશે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# ISO ACT EMPLIMENTED

સરકારે ઇન્ટર-સર્વિસિસ ઓર્ગેનાઇઝેશન એક્ટ-2023 હેઠળ નિયમો સૂચિત કર્યા છે, જે સશસ્ત્ર દળોમાં વધુ સંકલન અને કમાન્ડ કાર્યક્ષમતાને સક્ષમ બનાવશે

ઇન્ટર-સર્વિસિસ ઓર્ગેનાઇઝેશન્સ (કમાન્ડ, કંટ્રોલ અને ડિસિપ્લિન) એક્ટ-2023 હેઠળ ઘડવામાં આવેલા નિયમો ગેઝેટ નોટિફિકેશન દ્વારા સૂચિત કરવામાં આવ્યા છે. આ મહત્વપૂર્ણ પગલાનો હેતુ ઇન્ટર-સર્વિસિસ ઓર્ગેનાઇઝેશન્સ (ISOs)ના અસરકારક કમાન્ડ, કંટ્રોલ અને કાર્યક્ષમ કામગીરીને પ્રોત્સાહન આપવાનો છે, જેનાથી સશસ્ત્ર દળો વચ્ચે સંકલન મજબૂત બને છે.

આ કાયદો ISOના કમાન્ડર-ઇન-ચીફ અને ઓફિસર-ઇન-કમાન્ડને તેમના હેઠળ સેવા આપતા સેવા કર્મચારીઓ પર કમાન્ડ અને નિયંત્રણનો ઉપયોગ કરવાની સત્તા આપે છે, જેનાથી સંગઠનોમાં શિસ્ત અને વહીવટની અસરકારક જાળવણી સુનિશ્ચિત થાય છે. સશસ્ત્ર દળોની દરેક શાખાને લાગુ પડતી અનન્ય સેવા શરતોમાં ફેરફાર કર્યા વિના આ પ્રાપ્ત થાય છે.

. . . . . . . . . . . . . . .

# J&K - PAHALGAM MEMORIAL

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પહેલગામમાં થયેલ આતંકવાદી હુમલાના 26 પીડિતોની યાદમાં એક સ્મારક બનાવવાની જાહેરાત કરી છે. ગઈકાલે પહેલગામ ખાતે યોજાયેલી જમ્મુ અને કાશ્મીર કેબિનેટની બેઠક બાદ જાહેર બાંધકામ વિભાગને સ્મારક પર કામ શરૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. શ્રી અબદુલ્લાએ કહ્યું હતું કે, સ્મારકને સન્માનજનક બનાવવા માટે સૂચનો માંગવામાં આવશે.

આ સાથે જ દેશભરના ટૂર્સ અને ટ્રાવેલ ઓપરેટરોના ફેરને સંબોધતા મુખ્યમંત્રીએ જમ્મુ અને કાશ્મીરમાં પર્યટનને પુનર્જીવિત કરવાના મહત્વ પર ભાર મૂક્યો. અને સુરક્ષા પડકારોને સ્વીકારતા કડક પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

. . . . . . . . . . . . . . .

# SPACE-X LAUNCH

સ્પેસએક્સે આજે વહેલી સવારે દક્ષિણ ટેક્સાસમાં બોકા ચીકા બીચ નજીક તેના સ્ટારશિપ સુપર હેવી રોકેટને સફળતાપૂર્વક લોન્ચ કર્યું છે. નવમું માનવરહિત પરીક્ષણ પ્રક્ષેપણ છેલ્લા બે પ્રયાસો કરતાં વધુ દૂર સુધી ઉડાન ભરી શક્યું હતું. આ અપેક્ષિત ઉતરાણ ભારતીય સમય અનુસાર સવારે 5 વાગ્યે થયું હતું.

આ રોકેટ મનુષ્યને ચંદ્ર અને મંગળ પર લઈ જવાની ક્ષમતા સાથે સંપૂર્ણ રીતે ફરીથી ઉપયોગમાં લઇ શકાય તેવી હેવી-લિફ્ટ રોકેટ સિસ્ટમ વિકસાવવાના સ્પેસએક્સના મિશનમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ રોકેટ મેક્સિકોના અખાતમાં નિયંત્રિત રીતે ઉતારવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . .

# UN-PEACEKEEPERS

સંયુક્ત રાષ્ટ્રસંઘમાં સેવા આપતી વખતે પોતાનો જીવ ગુમાવનારા બે ભારતીય શાંતિ રક્ષકોને આંતરરાષ્ટ્રીય શાંતિ રક્ષક દિવસ પર મરણોત્તર સન્માનિત કરવામાં આવશે.

બ્રિગેડિયર જનરલ અમિતાભ ઝા અને હવાલદાર સંજય સિંહને આવતીકાલે આંતરરાષ્ટ્રીય યુએન પીસકીપર્સ દિવસ નિમિત્તે ડેગ હેમરસ્કજોલ્ડ મેડલથી મરણોત્તર સન્માનિત કરવામાં આવશે.

ભારત સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં કર્મચારીઓનો ચોથો સૌથી મોટો ફાળો આપનાર દેશ છે. હાલમાં મધ્ય આફ્રિકન રિપબ્લિકના અબેઈમાં યુએન શાંતિ કામગીરીમાં ભારતના 5,300 થી વધુ લશ્કરી અને પોલીસ કર્મચારીઓને તૈનાત છે.

. . . . . . . . . . . . . . . .

# US- HALTS NEW STUDENT-VISA INTERVIEWS

અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયોએ અમેરિકાના દૂતાવાસો અને કોન્સ્યુલેટ્સને વિદ્યાર્થી અરજદારો માટે નવા વિઝાના ઇન્ટરવ્યુ બંધ કરવાનો આદેશ આપ્યો છે કારણ કે ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર અરજદારોના સોશિયલ મીડિયા પ્રોફાઇલની કડક તપાસ કરવાનું વિચારી રહ્યું છે. અમેરિકી રાજકીય ડિજિટલ અખબાર કંપની દ્વારા આ જાણકારી આપવામાં આવી હતી. આ નિર્દેશ અમેરિકાની શાળાઓ અને કોલેજોમાં વિદેશી વિદ્યાર્થીઓના પ્રવેશને પ્રતિબંધિત કરવા માટે હાલની સ્ક્રીનીંગ પ્રક્રિયાને અસર કરશે.

અગાઉ, ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે હાર્વર્ડ યુનિવર્સિટીને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની નોંધણી પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો હતો. શ્રી ટ્રમ્પના આદેશ બાદ, હાર્વર્ડ યુનિવર્સિટીએ આ નિર્ણયને ગેરકાયદેસર અને અન્યાયી ગણાવ્યો અને કહ્યું કે આ નિર્ણય હજારો વિદ્યાર્થીઓ અને વિદ્વાનોના ભવિષ્યને જોખમમાં મૂકશે. યુનિવર્સિટીએ કાનૂની ફરિયાદ દાખલ કરી અને કામચલાઉ પ્રતિબંધ આદેશ મેળવવા માટે ઉપલબ્ધ તમામ ઉપાયો કરવાની યોજના જાહેર કરી.

. . . . . . . . . . . . . . .

# ITR

આવકવેરા રિટર્ન (ITR) ફાઇલ કરવાની છેલ્લી તારીખ 31 જુલાઈથી વધારીને 15 સપ્ટેમ્બર કરવામાં આવી છે. કેન્દ્રીય પ્રત્યક્ષ કરવેરા બોર્ડ સેન્ટ્રલ બોર્ડ - CBDT એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ITR ફોર્મમાં મહત્વપૂર્ણ સુધારા કરવા અને લોકોને જરૂરી દસ્તાવેજો મેળવવા માટે સમય આપવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. કરદાતાઓ માટે સરળ અને વધુ સચોટ ફાઇલિંગ સુવિધા માટે ઘણા મહત્વપૂર્ણ ફેરફારો કરવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . . . . .